**મે. ૬ઠ્ઠા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, કોર્ટ નં.૨૩, અમદાવાદ શહેર.**

**ફી.કે.નં. <u>૮/૧૧</u>**

ફરીયાદી શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી **ભુપેન્દ્ર કાંતાપ્રસાદ માહોર**

<u>ચાર્જ : આર્મ્સ એકટ ની કલમ– **૨૫(૧) (એ)** મુજબ.</u>

**<u>:: ઠરાવ ::</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીના કબજામાંથી લાયસન્સ વગરનું દેશી બનાવટી નુંફાયર આર્મ્સ હથિયાર મળી આવેલ છે જેથી આરોપીએ લાયસન્સ વગર આ હથીયાર પોતાના કબજામાં રાખેલ હોય ઉપરોકત ગુનાની તેની સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે. ચાર્જશીટના પેપરો જોતા કલમ– ૩૯ ની પરમીશન ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ શ્રી ધ્વારા આપેલ હોય તેમ જણાતું નથી. એ.પી.પી.શ્રીની રજુઆત છે કે ડી.સી.પી ધ્વારા કલમ– ૩૯ ની પરમીશન આપવામાં આવેલ છે. જેથી તે વેલીડ પરમીશન ગણાય. જેથી આ કેસમાં કલમ– ૩૯ નો બાધ નડતો નથી. આ તબકકે કલમ– ૩૯ની જોગવાઈ વાંચવામાં આવે તો તેમાં જણાવેલ છે કે કલમ–૩ ના ભંગ બદલ કોઈપણ વ્યકિત સામે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની પરમીશન વગર પ્રોસીકયુશન શરુ કરી શકાશે નહી. આ તબકકે સી.આર.પી.સી કલમ ૨૦(૫) ની જોગવાઈ જોવામાં આવે તો રાજય સરકાર ધ્વારા મેટ્રો પોલીટન વિસ્તારમાં રાજય સરકાર ધ્વારા પોલીસ કમિશ્નરશ્રીને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના પાવર સુપરત કરી શકશે. આમ આ કલમ મુજબ પોલીસ કમિશનરશ્રી ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના પાવર હોવાનું જણાવેલ છે. જયારે આર્મ્સ એકટની કલમ– ૩૯ મુજબ પરમીશન આપવાની સતા ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને છે ,એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ને નથી. જેથી પોલીસ કમિશનર અથવા તેની નીચેના ડેપ્યુટી પોલીસ કમિશનરને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના પાવર હોય શકે, પરંતુ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટના પાવર સી.આર.પી.સી કલમ– ૨૦(૫) મુજબ મળતા નથી. જેથી ડી.સી.પી.શ્રી ધ્વારા પરમીશન આપવામાં આવેલ હોય તો તે કલમ– ૩૯ ની વ્યાખ્યામાં આવતી ન હોવાથી આ કામે આરોપી સામે કલમ– ૩૯ ની યોગ્ય રીતે પરમીશન લીધા વગર પ્રોસીકયુશન શરુ કરેલ હોય જેથી આરોપી સામેની કાર્યવાહી બંધ કરી સી.આર.પી.સી કલમ– ૨૩૯ મુજબ બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ મેન્યુઅલના પેરા **૨૩૪** મુજબ મુદામાલ ફાયર આર્મ્સ પોલીસ મ્યુઝીયમ અથવા ફોરેન્સીક સાયસન્સ ડીરેકટર ગુજરાત રાજય ગાંધીનગરને સુપરત કરવા માટે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ તરફ મોકલી આપવા માટે સંબધીત પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી ને હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તાઃ ૧૪ મી, માહે. ડીસેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**( વી. એ. ધાધલ)**
૬ઠ્ઠા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૨૩ અમદાવાદ શહેર.